# Customized course for Diplomats from the Central Asian Countries commences at SSIFS

# SSIFS ખાતે મધ્ય એશિયાનાં દેશોનાં રાજદ્વારિઓ માટે મોરેસ્બી કસ્ટમાઈઝ્ડ કોર્સ શરુ થશે.

ડિસેમ્બર 05, 2022

મધ્ય એશિયાનાં પ્રજાસત્તાક દેશોનાં 29 યુવા રાજદ્વારીઓ માટે કસ્ટમાઇઝ્ડ કોર્સ સુષ્મા સ્વરાજ ઇન્સ્ટિટ્યુટ ઓફ ફોરેન સર્વિસ (SSIFS), વિદેશ મંત્રાલય, નવી દિલ્હી ખાતે 05-16 ડિસેમ્બર 2022 દરમિયાન યોજવામાં આવી રહ્યો છે. ચાલુ વર્ષનાં જાન્યુઆરીમાં આ ઓનલાઇન કોર્સ ભારત દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. આ વર્ષે જાન્યુઆરીમાં વર્ચુઅલ રીતે પ્રથમ ભારત- મધ્ય એશિયા સમિટ યોજાઇ હતી. સ્પેશિયલ કોર્સનું ઉદ્ઘાટન 05 ડિસેમ્બર 2022ના રોજ  ડીન (SSIFS), Amb સંજીવ રંજન દ્વારા કરવામાં આવ્યુ હતુ.

આ તાલિમ કાર્યક્રમમાં ભારતની વિદેશ નીતિ, મધ્ય  એશિયા સાથેના ભારતનાં સંબંધો બહુપક્ષિય મુત્સદ્દીગીરી અનેWTO અને યુએનનાં સુધારા, અવકાશ મુત્સદ્દીગીરી, પરમાણુ અપ્રસાર  અને નિઃશસ્ત્રીકરણ અંગેનાં ભારત દ્વારા પરિપ્રેક્ષ્ય વાટાઘાટો કૌશલ્ય, જળ સુરક્ષા, ભારત સરકારની આર્થિક પહેલ અને આર્થિક સુધારા અંગેનાં મોડ્યુલોનો સમાવેશ કરવામાં આવશે. ડિજિટલ સશક્તિકરણ, ભારતમાં રોગચાળા સામે પ્રતિસાદ, મહિલાઓનું મુત્સદ્દીગીરીમાં યોગદાન, INSTC વગેરે. આયુર્વેદ અને યોગ પરનાં સત્રો પણ રહેશે. નવી દિલ્હીમાં તેમનાં અભ્યાસ પ્રવાસનાં ભાગરુપે, રાજદ્વારીઓ રાષ્ટ્રપતિ ભવન, ભારતનાં ચુંટણી પંચ, રાષ્ટ્રીય સંગ્રહાલય અને મારિતિ સુઝુકી ઇન્ડિયા લિમિટેડનાં ગુડગાંવ ઓટોમોબાઇલ પ્લાન્ટની મુલાકાત લેશે. તેઓ આગ્રાની મુલાકાત લેશે અને તાજમહેલ જોશે.

તાજેતરમાં, ભારત દ્વારા નવેમ્બરમાં પ્રથમ ભારત- મધ્ય એશિયા સમિટમાં તેની પ્રતિબદ્ધતાનાં ભાગ રુપે મધ્ય એશિયાનાં દેશોમાંથી 80 યુવા સભ્ય પ્રતિનિધિમંડળનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. ભારત અને મધ્ય એશિયાનાં દેશો વચ્ચે વર્ષો જુની સભ્યતા, સાંસ્કૃતિક અને વ્યાપારિક સંબંધોનો આનંદ માણે છે. આ વર્ષે ભારત અને મધ્ય એશિયાનાં દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 30 મી વર્ષગાંઠ છે.
relations between India and the Central Asian countries.

**નવી દિલ્હી**
**ડિસેમ્બર 05, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.